મહત્તમ : ૪૦.૬ ડીગ્રી
લઘુતમ : ૨૦.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૫ ટકા ● સાંજે ૧૭ ટકા
ગાંધીનગર તાપમાન

કરાઈમાં ન્હાવા પડેલા બે યુવાનો ડુબી ગયા

ત્રણ મિત્રો ઓઢવથી કરાઈ નદીમાં ન્હાવા આવ્યા હતા : પરિવારજનો અને મિત્ર વર્તુળમાં શોકનો માહોલ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર-અમદાવાદ વચ્ચે આવેલા કરાઈ ખાતે સાબરમતી નદીમાં આજે બપોરે અમદાવાદ ઓઢવ વિસ્તારમાંથી ત્રણ યુવાન મિત્રો ન્હાવા આવ્યા હતા. નદીમાં ન્હાવા પડેલા ત્રણ પૈકી બે યુવાન મિત્રો તણાઈને ડુબી ગયા હતા. ગાંધીનગર ફાયરબ્રિગેડને કોલ મળતા સ્થળ પર કાફલો પહોંચી ગયો હતો અને ડુબેલા બંને યુવાનોના મૃતદેહ બહાર કાઢયા હતા. આ ઘટનાથી મૃતક બંને યુવાનોના પરિવારજનો તથા મિત્ર વર્તુળમાં શોકની કાલીમા છવાઈ જવા પામી છે. ઈન્ફોસીટી પોલીસે બંને મૃતદેહ પીએમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ અમદાવાદના ઓઢવ વિસ્તારમાં અર્બુદા નગર ખાતે રહેતા ત્રણ યુવાન મિત્રો ગાંધીનગર નજીક કરાઈ ખાતે સાબરમતી નદીમાં ન્હાવા માટે આજે રજાના દિવસે બપોરના અરસામાં આવી પહોંચ્યા હતા. ત્રણેય યુવાન મિત્રો નદીમાં ન્હાવા પડયા ત્યાર બાદ અચાનક ત્રણ પૈકી બે યુવા મિત્રો નદીના પાણીમાં તણાવા લાગ્યા અને ગરકાવ થઈ ગયા બાદ ડુબી ગયા હતાં. ૧૮ વર્ષીય રાજેશ દિપકભાઈ પરમાર અને ૧૯ વર્ષીય ઋત્વિક જયેશભાઈ પટેલ બંને યુવાનો ડુબ્યા હોવાનો કોલ ગાંધીનગર ફાયરબ્રિગેડને મળતા ફાયર ઓફીસર મહેશ મોડની ટીમ સ્થળ પર પહોંચી ગઈ હતી. જો કે બંને યુવાનો ડુબી ગયા હતા. બે કલાકની જહેમતે બંને યુવાનોના મૃતેદહ બહાર કાઢી ફાયરબ્રિગેડે પરિવારજનોને સોંપ્યા હતા. ઈન્ફોસીટી પોલીસ મથકના જમાદાર વરવાભાઈએ સ્થળ પર પહોંચી બંનેના મૃતદેહ પીએમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કર્યો છે અને ઘટના કેવી રીતે સર્જાઈ તેની ઝીણવટભરી તપાસ આરંભી છે. ઓઢવથી ન્હાવા માટે કરાઈ આવેલા બંને મિત્રો ખાનગી કંપનીમાં નોકરી કરતા હોવાનું જાણવા મળ્યું છે.

આઈ લવ માય ગાંધીનગર

દિવ્યકાન્ત વર્મા
નાટ્યકાર

ગાંધીનગર ગમે
રમણીય વાતાવરણ, શાંતિ, કલા-સંસ્કૃતિ પ્રેમી નગરજનોને કારણે ગાંધીનગર ગમે છે.

નગરજનો
બે પ્રકારનાં નગરજનો અહીં વસેછે. પ્રથમ પ્રકારના એવા જે પોતાના જ માટે જીવે છે અને બીજા પ્રકારના એવા જે બીજાઓ માટે જીવે છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે
સાંસ્કૃતિક, સેવા પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે.

પ્લગ ઈન્સ ઍન્ટરટેઈનમૅન્ટ, જી ઈ ક્લબ, વેણુ ભારતી જેવી સંસ્થાઓની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે તો જુનિયર સિટિઝન કાઉન્સિલ અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટની સેવા પ્રવૃત્તિઓ ગમે છે.

નગરને બહેતર બનાવવા
સ્વચ્છતા બાબતે કાર્ય કરવાની જરૂર વર્તાય છે અને નાગરિકોની ટ્રાફિક સેન્સ વધારવા માટે પ્રયત્નો કરવાની આવશ્યકતા છે.

નગર માટે હું કરી શકું
સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી નગરને ધમધમતું રાખવા માટે મારા બધા જ પ્રયત્નો કરવા તૈયાર છું.

ચૈત્ર માસમાં નીમરસનું વિતરણ અનિવાર્ય સંજોગોને પગલે બંધ

ગાંધીનગર શહેરના ભારત સ્વાભીમાન ટ્રસ્ટ દ્વારા સેકટર-૬ બી પ્લોટ નંબર- ૧૫૦-૨ ખાતેથી છેલ્લા ૨૫ વર્ષથી દર ચૈત્ર માસમાં લીમડાના રસનુંનિઃશુલ્ક વિતરણ કરવામાં આવતું હતું. પરંતુ આ અંગે અનિલભાઈ જોષી જણાવે છે કે આ વર્ષે તેમણે બંન્ને પગમાં જોઈન્ટ રીપ્લેસમેન્ટનું ઓપરેશન કરાવ્યું છે. જેથી આ વર્ષે મફત લિમડાના રસના વિતરણનો કાર્યક્રમ મુલતવી રાખવામાં આવેલ છે. જેની દરેક નાગરીકોએ નોંધ લેવા અનિલભાઈ જોશીએ અનુરોધ કર્યો છે.

સે-૨૪ આર્યસમાજ ભવન ખાતે પંચકર્મ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરના સેકટર-૨૪ના આર્યસમાજ ભવનના મેદાનમાં દરરોજ સવારે ચાલી રહેલી યોગ શિબિરમાં આજે આયુર્વેદ પંચકર્મ આધારિત શંખ પ્રક્ષાલન અને વમનધોતી ક્રિયાનું આયોજન કરવામાં આવ્યું હતું. આશરે સો જેટલા નાગરિકોને આ ક્રિયાઓ દ્વારા શારિરિક શુદ્ધિકરણ કરવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો. આ સાધકોને પતંજલિ યોગ સમિતિના જિલ્લા અધ્યક્ષ તથા યોગાચાર્ય કાનજીભાઈ બાવરીએ આ ક્રિયાઓનું માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

આયુર્વેદમાં પંચકર્મ પદ્ધતિમાં શંખ ધોતી એટલે કે શંખ પ્રક્ષાચલ તથા વમન ધોતી તરીકે ઓળખાતી

ક્રિયાઓ દ્વારા શરીરના આંતરિક ભાગો જેવા કે પેટ તથા આંતરડા વગેરેની સફાઈ થાય છે. આ ક્રિયા કરવાથી દમ, અસ્થમાં, પેટના તમામ રોગો, મોટાપો, હરસ-મસા, બ્લડપ્રેશર, ડાયાબીટીશ, ધાતુરોગ જેવા અનેક રોગોમાં ખૂબ ફાયદો થાય છે. આ ક્રિયાઓ થકી સાધક પોતાનું સ્વાસ્થ્ય સુધારી શકે છે. આ ક્રિયાઓ આયુર્વેદ અને યોગના સંમિલિત મિશ્રણથી કરવામાં આવે છે. સે. ૨૪માં આર્યસમાજ ભવન ખાતે વહેલી સવારથી યોજાયેલ આ ક્રિયામાં મોટી સંખ્યામાં સાધકો જોડાયા હતા. યોગાચાર્ય કાનજીભાઈ બાવરી ઉપરાંત મનોજભાઈ સહિત અન્ય સ્વયંસેવકોએ આ કાર્યક્રમની સેવાઓ પુરી પાડી વ્યવસ્થા જાળવવા જહેમત ઉઠાવી હતી.

સે-૧૧માં વધુ ત્રણ ગલ્લાઓને તસ્કરોએ નિશાન બનાવ્યા

ત્રણ ગલ્લાઓના તાળા તોડી રાત્રે તસ્કરોએ સિગારેટ-બીડીના પેકેટસ અને રોકડની ચોરી કરી

ગાંધીનગર, તા.૨૬

શહેરના સે-૧૧ રામકથા મેદાનમાં ખાણી-પીણીની લારીઓ અને પાન-બીડી-સિગારેટના ગલ્લાઓ ખસેડવામાં આવ્યા બાદ આ વિસ્તારમાં બીજી વાર તસ્કરોએ સપાટો બોલાવ્યો છે. અગાઉ એક જ રાતમાં આઠ ગલ્લાઓના તાળા તોડી તસ્કરોએ ચોરી કરી હતી. દરમિયાન ગઈ કાલે રાત્રે પણ તસ્કરોએ આ જ વિસ્તારને ટાર્ગેટ બનાવી વધુ ત્રણ ગલ્લાઓના તાળા તોડી ઘરફોડ ચોરીઓ કરી હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ ગઈ રાત્રિ દરમિયાન સેકટર-૧૧ રામકથા મેદાનમાં ઉભા રહેતા લારી ગલ્લાઓને ફરી એક વાર તસ્કર ટોળકીએ નિશાન બનાવ્યા હતા. ગઈ રાત્રિ દરમિયાન ત્રાટકેલા તસ્કરોએ ત્રણ ગલ્લાઓના તાળા તોડી અંદરથી સિગારેટના પેકેટસ અને રોકડ પરચુરણની ઉઠાંતરી કરી હતી. ત્રણ ગલ્લાઓમાંથી ચોરી કરીને તસ્કરો રફુચક્કર થઈ ગયા હતા. સવારે ગલ્લો ખોલવા આવેલા ત્રણેય ગલ્લા માલિકો તાળા તુટેલા જોઈને સ્તબ્ધ થઈ ગયા હતા અને પોલીસને પણ ઘટનાની જાણ કરી હતી. આ મામલે કોઈ પોલિસ ફરિયાદ નોંધાવા પામી નથી. જો કે મોટી માલ મત્તાની ચોરી પણ થવા પામી ન હોવાનું જાણવા મળ્યું છે.

ટીંટોડા સરકારી પ્રાથમિક શાળાના વાર્ષિકોત્સવમાં પ્રેક્ષકો મંત્રમુગ્ધ બન્યા

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામની સરકારી પ્રાથમિક શાળાને ૧૩૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે ભવ્ય વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. તા. ૨૫મી માર્ચ શનિવારે રાત્રે ૮ વાગ્યાથી યોજાયેલ આ વાર્ષિકોત્સવનું ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના કાર્યકરોએ આયોજન કર્યુ હતું. જેમાં ગાંધીનગર દક્ષિણ વિધાનસભા બેઠકના ધારાસભ્ય તથા વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહ્યા હતા. આ વાર્ષિકોત્સવમાં શાળાના બાળકોએ રોમાંચક અને અદભૂત સાંસ્કૃતિક કૃતિઓની ભરમાર રજુ કરીને હકડેઠઠ એકઠી થયેલ જનમેદનીને મંત્રમુગ્ધ કરી દીધી હતી. તાળીઓના ગડગડાટ વચ્ચે આ વાર્ષિકોત્સવમાં ક્ષત્રિય ઠાકોર સેનાના યુવાનોએ શાળાના તમામ ગુરૂજનોનું સન્માન પણ કર્યુ હતું.

ટીંટોડા સરકારી પ્રાથમિક સ્કૂલના વાર્ષિકોત્સવમાં ધારાસભ્ય શંભુજી ઠાકોર ઉપરાંત તાલુકા પંચાયત પ્રમુખ કાળુજી ઠાકોર, જિલ્લા પંચાયત સદસ્ય નરેશજી ઠાકોર, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સંજયભાઈ પરમાર, રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના કોષાધ્યક્ષ હર્ષદભાઈ પટેલ, ટીંટોડા ગામના સરપંચ ચેતનાબેન ઠાકોર, જીસીઈઆરટીના રીડર મનોજભાઈ કોરડિયા, ગાંધીનગરના સામાજિક અગ્રણી તથા એડવોકેટ પ્રદિપસિંહ વાઘેલા તથા યુવા સામાજિક કાર્યકર વિજયસિંહ માજીરાણા સહિત અનેક અગ્રણી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. વાર્ષિકોત્સવમાં બાળકોએ વિવિધ લોકનૃત્યો, નાટકો, એક પાત્રિય અભિનય, વકતૃત્વ, અભિનય ગીત, ગીત-સંગીત, આદિવાસી નૃત્ય, વેસ્ટર્ન ડાન્સ સહિતની અસંખ્ય રંગારંગ કૃતિઓ રજૂ કરી હતી. આ કૃતિઓમાં બાળકોએ 'બેટી બચાવો, બેટી પઢાવો'થી માંડીને પર્યાવરણ બચાવો સુધીના અનેક જાગૃતિ સંદેશ પણ પાઠવ્યા હતા. આ વાર્ષિકોત્સવને માણવા ટીંટોડા ઉપરાંત આસપાસના ગામની જનતાએ ભારે ભીડ જમાવી હતી અને મોડી રાત્રિ સુધી શિસ્તબધ્ધ રીતે કાર્યક્રમને માણવા સાથે બાળકોને તાળીઓના ગડગડાટ તથા રોકડ ઈનામ-પુરસ્કારોથી પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમના સફળ આયોજન માટે શાળાના આચાર્ય મનુભાઈ પટેલ સહિત સમગ્ર શિક્ષક કર્મચારી ગણે પણ ભારે જહેમત ઉઠાવી હતી.

સે-૩-ડીમાં મોડી સાંજે આગ લાગતા નાસભાગ



ગાંધીનગર, તા.૨૬

શહેરના સેકટર-૩-ડી પ્લોટ નં. ૧૫૨૨/૨ ખાતે ગઈ મોડી સાંજે કોઈ કારણોસર અચાનક આગ લાગતા નાસભાગ મચી જવા પામી હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડને ઘટના અંગે જાણ થતા કાફલો તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને પાણીનો મારો ચલાવીને આગ વધુ પ્રસરે તે પહેલા જ કાબુમાં લઈ લીધી હતી. સદનસીબે આ સામાન્ય આગમાં કોઈને ઈજા કે મોટું નુકશાન થવા પામ્યું નથી. આગનું ચોકકસ કારણ હજુ જાણી શકાયું નથી તે અંગે તપાસ ચાલી રહી છે.

વાતવાતમાં

● આમ આદમી પાર્ટી દ્વારા આયોજિત આઝાદી સભા માટે રાજકોટ, ભાવનગર, પોરબંદરથી માંડીને ખેડા સુધીના આશરે દસ જિલ્લાની પોલીસને બંદોબસ્તમાં ખડકવામાં આવી હતી. આમ તો ગરમીમાં ત્રાસદાયક લાગતા બંદોબસ્તમાં જુના મિત્રો કે સહયોગી કર્મીઓ એકબીજાને મળતા પોલીસે આ બંદોબસ્તને સ્નેહમિલનની જેમ માણ્યો હતો.

● સોમવારે પણ ગાંધીનગરમાં સત્યાગ્રહ છાવણી ખાતે આશા વર્કર કર્મચારીઓના દેખાવોનો કાર્યક્રમ યોજાવાનો હોવાથી બંદોબસ્ત માટે બોલાવાયેલ પોલિસ બે દિવસ ખડે પગે તૈનાત રહેશે. જો કે રવિવારની સભા રિલેકસ માહોલમાં માણનાર પોલિસ કર્મીઓ માટે આશા વર્કર આશ્ચર્યજનક કાર્યક્રમો આપવાના મુડમાં હોવાથી સોમવારે કસોટી રૂપ સાબિત થવાનો છે.

● આમ આદમી પાર્ટીની સભાના પગલે સત્યાગ્રહ છાવણી ખાતે મેળાનો માહોલ સર્જાયો હતો.અહીં ઉમટી પડેલા ખાણી પીણીની લારીઓ વાળાને તડાકો પડયો હતો અને ગરમીના કારણે લીંબુ શરબત તથા કાકડી વગેરેનું ધૂમ વેચાણ થયું હતું.

● ગાંધીનગર ટાઉનહોલ ખાતે શનિવારે સવારે સાબરકાંઠા જિલ્લાની તલોદ ખાતેની ટ્રિનિટી સ્કૂલનો રંગારંગ કાર્યક્રમ યોજાયો હતો. શનિવારે રાત્રે ટાઉનહોલ ખાતે યોજાયેલી ગાંધીનગરની સંસ્થાના કાર્યક્રમમાં એસી બંધ હોવાની ફરિયાદો ઉઠવા પામી હતી.

ઝુંડાલ કેનાલમાંથી યુવાનનો બિનવારસી મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર તાલુકાના અડાલજ નજીક આવલી ઝુંડાલ નર્મદા કેનાલમાંથી આજે એક અજાણ્યા યુવાનનો તરતો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસને ઘટનાની જાણ થતા અડાલજ પોલીસ મથકના જમાદાર ગીરીશભાઈ તેમની ટીમ સાથે કેનાલે પહોંચી ગયા હતા અને આશરે ૩૦ થી ૩૫ વર્ષના આ યુવાનનો મૃતદેહ બહાર કઢાવી તેની ઓળખવિધી માટે તજવીજ કરી હતી. જો કે તેની પાસેથી ઓળખના કોઈ પુરાવા મળી આવ્યા નથી. પોલીસે મૃતદેહ પીએમ કરાવી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃત્યુનું કારણ અને મૃતકનું નામઠામ જાણવા તજવીજ શરુ કરી છે.

ચિરવિદાય

- સ્વ. મીનાબેન રોસનલાલ તેલી, ઉ.વ. ૩૬
- સ્વ. લક્ષ્મીબેન વેલજીભાઈ રાવળ, ઉ.વ. ૨૧
- સ્વ. નીલાબેન ગાંડાભાઈ ભંગી, ઉ.વ. ૭૫
- સ્વ. મોતીબેન ભગાજી ઠાકોર, ઉ.વ. ૮૫

મારી ગાડીનું હોર્ન સાંભળે એટલે બાળક દૂધનો ગ્લાસ પણ પડતો મૂકી દોડે

પરિવારને આર્થિક તંગીમાંથી બહાર લાવવા સ્કૂલવાન ચલાવતી એક મહિલાએ પોતાની યુવાન દિકરીને પણ આ વ્યવસાયમાં જોડી હિંમતની એક નવી મિસાલ ઉભી કરી છે

સંબંધ સજાવે જિંદગી
સમીર રામી

ગાંધીનગર, તા.૨૬

આપણી સંસ્કૃતિમાં મહિલાઓને દેવીનું સ્થાન આપવામાં આવ્યું છે. મહિલાઓને પુરુષો કરતા વિશેષ સ્થાન મળવા પાત્ર હોય તો તે કુદરતે તેમને બક્ષેલ માતૃત્વ શકિતના કારણે. માતૃત્વ એટલે માત્ર દૈહિક રીતે બાળકને જન્મ આપવો એટલું જ નહી પરંતુ દરેક માતા બાળકને ઉછેરવામાં ગુરુ બની જ્ઞાન આપે છે, તબીબ બની સારવાર આપે છે, સેવક બની સંભાળ રાખે છે, પ્રેરક બની તાલીમ આપે છે અને જરૂર પડે કઠોર બની સાચો રાહ બતાવે છે. સામાન્ય રીતે સમાજમાં ડોકટરનો દિકરો ડોકટર બને, એન્જિનીયરનો દિકરો એન્જિનીયર બને કે વેપારીનો દિકરો વેપારી બને તેવું જ જોયું-સાંભળ્યું છે પરંતુ ગાંધીનગરની એક માતા એવી પણ છે જે પોતે સ્કૂલવાનની ડ્રાઈવર છે અને પોતાની દિકરીને પણ સ્કૂલવાનની ડ્રાઈવર બનાવી છે.

ગાંધીનગરના સેકટર-૨૪માં રહેતા ભાનુબેન પ્રજાપતિ અને તેમના પતિ કનુભાઈ પ્રજાપતિ ઘણા વર્ષોથી સ્કૂલવાન ચલાવવાનો ધંધો કરે છે. મધ્યમવર્ગીય પરીવારના આ દંપતિએ જીવનમાં આર્થિક તંગીના કારણે ઘણી મુશ્કેલીઓ વેઠી છે. ચાણોદ પાસેના નંદેરિયા ગામના મૂળ રહેવાસી કનુભાઈના પિતા વ્યવસાય અર્થે કરજણ તાલુકાના ઓસ્લામ ગામમાં રહેતા હતા. અહીં કનુભાઈએ શાળાકીય અભ્યાસ પુરો કર્યો પછી નાની વયે માતા-પિતા ગુજરી જતા પહેલા અમદાવાદ અને પછી પોતાના મોટાભાઈ પાસે ગાંધીનગર આવી સ્થાયી થયા હતા. અહીં તેમને સચિવાલયમાં નોકરી તો મળી પરંતુ પગાર ઓછો હોવાથી તેમણે નોકરીના બદલે વ્યવસાય કરવાનું મુનાસીબ માન્યું. પહેલા મોટાભાઈ સાથે પાનની દુકાન ચલાવી પછી તેમણે ઘરે ઘરે છાપા નાંખવાથી માંડીને સવારે દૂધ વેચવું કપડાંની લારી ચલાવવી જેવા અનેક પ્રયાસો કર્યા પરંતુ છેલ્લે તેમને ભાડાની રીક્ષા ચલાવવાનું અનુકૂળ આવ્યું હતું. રીક્ષા ચલાવી પોતાની મહેનતના જોરે તેમણે બે પૈસા બચાવવાનું શરુ કર્યું અને મહા મહેનતે તેમણે એક જુની રીક્ષા ખરીદી પોતાનો જ વ્યવસાય ચાલુ કર્યો હતો. એક તો કમરતોડ મોંઘવારી અને પરિવારમાં પત્નિ ઉપરાંત બે ફુલ જેવી દિકરીઓ. પત્નિ ભાનુબેન પણ પતિને મદદરૂપ થવા કપડાં વેચવાની લારીનો વ્યવસાય સંભાળી રહ્યા હતા અને આમ આ પરિવારનું ગુજરાન ચાલતું હતું.

કહે છે ને કે જે મહેનત કરે છે તેને પરીણામ જરૂર મળે છે એમ જ



કનુભાઈને જીસીએલ કંપનીમાં રીક્ષા ચલાવવાનો કોન્ટ્રાકટ મળ્યો અને તેમની હિંમત વધી. આશરે ૧૧ વર્ષ રીક્ષા અને લારીના સહારે દંપતિએ ગાંધીનગરમાં ઘર ખરીદ્યું. જો કે આ ઘર ખરીદવા તેમને એ સમયે ખાનગી પેઢીમાંથી રૂ. ૧ લાખની લોન લેવી પડી હતી અને વ્યાજના ઘોડાને કોણ પહોંચે? તે પણ ખાનગી પેઢીનું વ્યાજ. જો કે આ દંપતિ પાછું પડે તેમ નહોતું. હવે તેમણે એક જુની મારૂતિ વાન ગાડી ખરીદી અને સ્કૂલવાન ચલાવવાનુંશરૂ કર્યું. આ ધંધામાં ફાવટ વધતા બીજી વાન સેકન્ડમાં ખરીદી અને ડ્રાઈવર રાખી તેમાંથી આવક ઉભી કરવા પ્રયાસ કર્યો. જો કે ડ્રોઈવરની સતત અનિયમિતતાને કારણે ખૂબ તકલીફ પડતી હોવાથી તેઓ ચિંતાતુર હતા. આ સમયે ભાનુબેને પતિને કહ્યું, 'તમે મને ગાડી શિખવાડી દો, હું જાતે ચલાવીશ.' આ વાતથી ચકિત થયેલા કનુભાઈ પત્નિની મકકમતા જાણતા હતા. છેવટે કપડાંની લારી બંધ કરી ભાનુબેને ગાડી ચલાવતા શીખી. તેમણે લાયસન્સ મેળવવા અરજી કરી તો આરટીઓ અધિકારીએ તેમને પુછયું, 'બેન તમે હાઈવે પર ગાડી ચલાવી શકશો?' ભાનુબેને હા પાડી, પછી તેમનો ટેસ્ટ લેવાયો. ટેસ્ટ બાદ અધિકારીએ ભાનુબેનના વખાણ કર્યા અને તેમને ટેક્ષી ડ્રાઈવરનો બેજ આપી દીધો. વર્ષ ૨૦૦૦ની સાલથી ભાનુબેન સ્કૂલવાન ચલાવે છે અને આ દંપતિ પાસે હાલ ૩ નવી સ્કૂલવાન છે.

ભરૂચ તાલુકાના ખેડૂત પરિવારમાં જન્મેલા ભાનુબેને સ્કૂલવાન ચલાવવાનું ચાલુ કર્યું ત્યારે અડોશપડોશ તો ઠીક પરંતુ સમાજમાં પણ ઘણો વિરોધ અને મ્હેણાં-ટોણા સાંભળવા પડેલા. અરે એમને સ્કૂલવાન ચલાવતા જોઈ આ ધંધાને પોતાનો 'ગરાસ' સમજતા પુરુષ ડ્રાઈવરો પણ ઈર્ષાથી હેરાન કરતા અને કયારેક તો સામા મળે તો તેમની ગાડી ઉપર આવતા હોય તેમ 'કટ' પણ મારતા. જો કે ભાનુબેન ખૂબ મકકમ હતા. તેમના મનમાં એક જ વાત હતી કે મારે લીધેલું દેવું ચુકતે કરવું છે એટલે કમાયા વગર છુટકો નથી. ભાનુબેનના મહિલા હોવાને કારણે વાલીઓમાં સારો પ્રતિભાવ મળ્યો અને તેમની વાનમાં પોતાની દિકરીઓને મોકલવામાં તેઓ સુરક્ષિત મહેસુસ કરતા હતા. એક તબક્કે તો ભાનુબેનની વાનમાં ૨૦ છોકરીઓ આવતી જતી હતી. નાના બાળકોને તો ભાનુબેનની એટલી માયા બંધાઈ જતી કે તેમની ગાડીનું હોર્ન વાગે એટલે બાળક દૂધનો ગ્લાસ પડતો મુકી દોટ મુકતું. આ બાળકોને શાળામાં આવતા નોટ, પેન, કંપાસ કે નાસ્તો કંઈ પણ ભૂલી ગયા હોય તો તેમના ભાનુમાસી પોતાના ખર્ચે વ્યવસ્થા કરી આપતા તેમની વાનમાં ભણવા ગયેલા બાળકો જીવનમાં ઘણા આગળ આવ્યા છે. એક દિવસ તો ઘરે કામ કરી રહેલા ભાનુબેનને એક દાઢીધારી નવ યુવાન આવી અચાનક પગે લાગ્યો અને બોલ્યો કે મને ઓળખ્યો? આ યુવાન જયારે બાળક હતો ત્યારે ભાનુમાસીની વાનમાં સ્કૂલે જતો જે મોટો થઈ મિલિટ્રીમાં જોડાતા આશીર્વાદ લેવા આવ્યો હતો.

મા-બાપનો સંઘર્ષ નજર સમક્ષ જોઈ મોટી થયેલી તેમની બે દિકરીઓમાં મોટી ક્રિશ્ના પરણીને સાસરે ગયા પછી ખાનગી પ્લે સ્કૂલમાં શિક્ષિકા છે જયારે નાની દિકરી શ્વેતા હાલ સરકારી કોલેજમાં કોમર્સ ગ્રેજયુએશનના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરે છે. શ્વેતા એમ કોમ પતાવી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ થવાની ખેવના ધરાવે છે પરંતુ ભાનુબેનની પ્રેરણાથી તે પણ હવે લાયસન્સ મેળવી સ્કૂલવાન પણ ચલાવે છે. દરરોજ સવારે ૭ વાગે પહેલી ટ્રીપ માર્યા બાદ તે કોલેજ જાય છે અને કોલેજથી આવી ૧૧.૩૦ કલાકે બીજી ટ્રીપ મારે. જમીને ટયુશન કલાસમાં જાય અને ત્યાંથી આવીને ફરી એક ટ્રીપ મારે છે. જુનિયર કેજીથી માંડીને ધો-૮ સુધીના તોફાની બાળકોને પણ સાચવી નિયમિત શાળાએ અને ઘરે પહોંચાડતી શ્વેતા કહે છે, 'મારે મા-બાપને મદદરૂપ થવું છે એટલે સ્કૂલવાન ચલાવવામાં મને કોઈ નાનમ નથી લાગતી.' ખરેખર, ગાંધીનગરની આ મા-દિકરીએ મહિલાઓ માટે એક નવી જ કેડી કંડારી છે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com